eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 137
April 04, 2008

## પ્રોફેશનલ ટેક્ષની એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન તેમજ વસુલાતની કામગીરી

હાલમાં પ્રોફેશનલ ટેક્ષ અંગેની એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન વસુલાત કામગીરી તથા રીન્યુઅલ અંગેની કામગીરી સુરત શહેરની હદ વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાનાં પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ તથા જુદા જુદા ઝોનનાં ગુમાસ્તાધારા ઈન્સ્પેકટરો ધ્વારા કરવામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ)ની કામગીરી

શહેર સુરતનાં ટી. પી. સ્કીમ નં.૦૧ (ઉધના–મજુરા) ફા. પ્લોટ નં.૧૨૨ પૈકી વાળી બમરોલી રોડ પર આવેલ જમીનમાં "ઉધના સ્ટેશન શોપીંગ" તરીકે ઓળખાતી બિલ્ડીંગમાં મંજુર પ્લાન વિરૂધ્ધ સદર મિલ્કતના પાછળના માર્જીનવાળા ભાગમાં આશરે ૧૨૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. બીમ કોલમ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ની સફાઈ ઝુંબેશ

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં દર બુધવારે રાખવામાં આવતી સફાઈ ઝુંબેશ તા.૨૬–૦૩–૨૦૦૮ બુધવારના રોજ ઉધનાયાર્ડ વિસ્તારમાં આસપાસ સર્કલથી ગોડાદરા જકાતનાકા, શ્રીનાથ સોસાયટી વિભાગ–૩, ૪, મયુર સોસાયટી, સંકટ મોચન મંદિર વિસ્તાર, યાદવ કોર્પોરેશન, બાબા બૈજનાથ મંદિર, રણછોડનગર, ગણેશનગર, આસપાસનગર, રામેશ્વર મેદાન, લક્ષ્મણનગર ફાટક વિગેરે વિસ્તારમાં રાખવામાં આવેલ હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## સાંસ્કૃતિક વિભાગની કામગીરી

હરિ ૐ આશ્રમ પ્રેરિત સુરત મહાનગરપાલિકા સંચાલિત " શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ " સ્પર્ધાનું આયોજન તા.૨૦/૦૪/૨૦૦૮ના રોજ સવારે ૬.૦૦ કલાકે દોડ સ્પર્ધા અને સવારે ૮.૦૦ કલાકે સાયકલ સ્પર્ધા, નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉધાન પાસે, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા ઝોનની કામગીરી

ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૪,ફા.પ્લોટ નં.૩૧, બ્લોક નં.૧૬૮ સબ પ્લોટ નં.૪,૫,૬ વૃંદાવન સોસા.વિ–૨ ગે.કા.બાંધકામ બાબત .

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રોફેશનલ ટેક્ષની એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન તેમજ વસુલાતની કામગીરી

હાલમાં પ્રોફેશનલ ટેક્ષ અંગેની એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન વસુલાત કામગીરી તથા રીન્યુઅલ અંગેની કામગીરી સુરત શહેરની હદ વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાનાં પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ તથા જુદા જુદા ઝોનનાં ગુમાસ્તાધારા ઈન્સ્પેકટરો ધ્વારા કરવામાં આવે છે. ઘણી સંસ્થાઓએ હજુ પણ પોતાનું એનરોલમેન્ટ રજીસ્ટ્રેશન કરાવેલ નથી તથા રીન્યુઅલ ફી ભરેલ નથી તેવી સંસ્થાઓ મળી આવે છે આથી જે સંબંધિત સંસ્થાઓ/એકમો/એડવોકેટસ/ચાર્ટડ એકાઉન્ટન્ટો/તબીબો/વિવિધ વીમા કંપનીઓના કમિશન એજન્ટોએ સને ૨૦૦૭–૨૦૦૮ના વર્ષમાં નાણા જમા કરાવેલ/કરવાના હોય તે અંગેના રજીસ્ટ્રેશન સર્ટીફીકેટસ નંબર લેવાના રહેશે અને તે અંગેના નાણાં ફોર્મ નં.૧૦માં ચલણ ધ્વારા નિયત બેંકોમાં જમા કરાવી ચલણની નકલ જે તે વિસ્તારની ઝોન કચેરીનાં ગુમાસ્તાધારા વિભાગમાં જમા કરવાની રહેશે. વધુમાં ઉપર જણાવેલ વ્યવસાયીઓ/સંસ્થાઓએ આ અધિનિયમ લાગુ પડતો હોય અને રજીસ્ટ્રેશન તથા રીન્યુઅલ કરાવેલ ન હોય તો તેઓએ દંડ વ્યાજ તથા શિક્ષાત્મક કાર્યવાહીથી બચવા તાકીદે જે તે ઝોનનાં ગુમાસ્તાધારા વિભાગ અથવા પ્રોફેશનલ ટેક્ષ રીકવરી સેલ સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી, પહેલો માળ રૂમ નં.૭૦ નો સંપર્ક કરી રજીસ્ટ્રેશન કરાવી લેવાનું રહેશે. જો તેમ કરવામાં ન આવે તો ધારાભંગ બદલ રેવન્યુ રાહે કાયેદસરની કાર્યવાહી કરવામાં આવશે તેવું સુરત મહાનગરપાલિકાની એક યાદીમાં જણાવવામાં આવેલ છે.

TOP

## શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ)ની કામગીરી

શહેર સુરતનાં ટી. પી. સ્કીમ નં.૦૧ (ઉધના–મજુરા) ફા. પ્લોટ નં.૧૨૨ પૈકી વાળી બમરોલી રોડ પર આવેલ જમીનમાં ''ઉધના સ્ટેશન શોપીંગ'' તરીકે ઓળખાતી બિલ્ડીંગમાં મંજુર પ્લાન વિરૂધ્ધ સદર મિલ્કતના પાછળના માર્જીનવાળા ભાગમાં આશરે ૧૨૦૦ ચો. ફુટ માપ વિસ્તારમાં આર. સી. સી. બીમ કોલમ લઈ સ્લેબ ભરવા સહિતનું ગ્રાઉન્ડ ફલોરનું બાંધકામ કરી માર્જીન કવર્ડ કરવામાં આવેલ. જે આજરોજ ડાયરેકટર ઓફ પ્લાનીંગશ્રીની સુચનાથી શહેર વિકાસ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતુ (મધ્યસ્થ) તથા સાઉથ ઝોન (ઉધના)ના દબાણ સ્ટાફ મારફત દુર કરવાની કાર્યવાહી હાથ ધરેલ. સદર કામગીરી પેટે, મિલ્કતદારશ્રી હરબનસિંહ ભાટીયા પાસે ડીમોલીશન ખર્ચ પેટે રૂા.૨૦,૦૦૦/– વસુલેવામાં આવેલ.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) ની સફાઈ ઝુંબેશ

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં દર બુધવારે રાખવામાં આવતી સફાઈ ઝુંબેશ તા.૨૬–૦૩–૨૦૦૮ બુધવારના રોજ ઉધનાયાર્ડ વિસ્તારમાં આસપાસ સર્કલથી ગોડાદરા જકાતનાકા, શ્રીનાથ સોસાયટી વિભાગ–૩, ૪, મયુર સોસાયટી, સંકટ મોચન મંદિર વિસ્તાર, યાદવ કોર્પોરેશન, બાબા બૈજનાથ મંદિર, રણછોડનગર, ગણેશનગર, આસપાસનગર, રામેશ્વર મેદાન, લક્ષ્મણનગર ફાટક વિગેરે વિસ્તારમાં રાખવામાં આવેલ હતી.

આ ઝુંબેશ નાયબ આરોગ્ય અધિકારીશ્રીની સીધી દેખરેખ હેઠળ મુખ્ય આરોગ્ય નિરીક્ષક, આરોગ્ય નિરીક્ષકો તથા મદદનીશ આરોગ્ય નિરીક્ષકો અને મુકાદમો મળી ૨૦ જેટલા સુપરવાઈઝરી સ્ટાફે સમગ્ર વિસ્તારમાં સીધી દેખરેખ હેઠળ સફાઈ અભિયાન આદરી કચરાનો નિકાલ કરી જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો. આ કામગીરી દરમ્યાન આરોગ્ય ખાતાની ટીમ ધ્વારા ગંદકી કરતા ઝડપાયેલા કુલ–૨૭ ઈસમોને નોટીસ આપવામાં આવી, ૯ ઈસમો સામે કોર્ટ કેસ કરવામાં આવ્યા તેમજ રૂા.૮,૯૫૦/– નો વહીવટી ખર્ચ વસુલ કરી ૨ કિલો પ્લાસ્ટીકની થેલી જપ્ત કરી તેમજ ૧૫ કીલો અખાદ્ય પદાર્થનો નાશ કર્યો. આ ઝુંબેશમાં ઈજનેરી ખાતા તરફથી સુપરવાઈઝરી સ્ટાફ અને માણસો મુકી વરસાદી ગટરનાં જાળિયાની સફાઈ કામગીરી કરવામાં આવી.

આરોગ્ય ખાતાના મુખ્ય આરોગ્ય નિરીક્ષક શ્રી એ. એમ. પટેલ ધ્વારા નગર પ્રા. શાળા નં.૨૪૧ જવાહર મહોલ્લો ગુજરાતી શાળામાં ૪૫૦ બાળકોને આરોગ્યલક્ષી તેમજ રોગચાળા અને ખુલ્લા ખાદ્ય પદાર્થો ખાવાથી આરોગ્ય પર થતી અસરો તેમજ સ્વચ્છતા અંગે માર્ગદર્શન આપ્યું.

TOP

## સાંસ્કૃતિક વિભાગની કામગીરી

હરિ ૐ આશ્રમ પ્રેરિત સુરત મહાનગરપાલિકા સંચાલિત '' શ્રી જશવંત પચ્ચીગર સાયકલ અને દોડ '' સ્પર્ધાનું આયોજન તા.૨૦/૦૪/૨૦૦૮ના રોજ સવારે ૬.૦૦ કલાકે દોડ સ્પર્ધા અને સવારે ૮.૦૦ કલાકે સાયકલ સ્પર્ધા, નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉધાન પાસે, મોરાભાગળ,સુરત ખાતે કરવામાં આવેલ છે. આ બન્ને સ્પર્ધામાં ૯ થી ૧૩ વર્ષની વયના સુરતના વિધાર્થી/વિધાર્થીનીઓ ભાગ લઈ શકશે,સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશફોર્મ સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, કાશ્મીરા બિલ્ડીંગ,મુગલીસરા,સુરત ખાતેથી તા.૧૧/૦૪/૨૦૦૮ સુધીમાં ઓફિસ સમય દરમ્યાન મેળવી ઉમરના પુરાવા તથા મેડીકલ સર્ટીફિકેટ સાથે પરત કરવાના રહેશે.

TOP

## વરાછા ઝોનની કામગીરી

ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૪,ફા.પ્લોટ નં.૩૧, બ્લોક નં.૧૬૮ સબ પ્લોટ નં.૪,૫,૬ વૃંદાવન સોસા.વિ–૨ ગે.કા.બાંધકામ બાબત.

પૂર્વઝોન(વરાછા)માં સુરત મહાનગરપાલિકાના નવા સમાવિષ્ટ વિસ્તાર મોટા વરાછામાં ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૪,બ્લોક નં.૧૬૮માં સેટેલાઈટ રોડ ઉપર વૃંદાવન સોસા વિ–૨ આવેલ છે. આ સોસાયટીના પ્લાન સુડા દ્રારા મંજુર કરવામાં આવેલ હતા, જેમાં ઓર્ગેનાઈઝર દ્રારા પ્લીન્થ લેવલ સુધીનું બાંધકામ કરેલ છે. સદર સોસાયટીના પશ્રિમે થી ડ્રા.ટી.પી.સ્કીમ નં.૨૪ મુજબ ૧૨.૦ મી.નો ટી.પી. રસ્તો પસાર થાય છે. આ રસ્તાને લાગુ પ્લોટ નં.૪,૫ અને ૬ ના મિલ્કતદારો દ્રારા ૧૨.૦ મી.ના ટી.પી.રસ્તાની અસરમાં આવતી પ્લીન્થની ઉપર ગેરકાયદેસર ચણતરની દિવાલનું બાંધકામ શરૂ કરતા પૂર્વઝોન(વરાછા) તરફથી મનાઈ હુકમ તથા શોકોઝ નોટીસ મિલ્કતદારોને પાઠવવામાં આવેલ તેમ છતાં મિલ્કતદારો તરફથી રસ્તાની અસરમાં આવતુ બાંધકામ દુર ન કરતા આજરોજ પૂર્વઝોન(વરાછા) ધ્વારા વૃંદાવન સોસા–વિ–૨નાં સબ પ્લોટ નં.૪,૫,૬માં આશે ૩૬૦ ચો.ફુટ જેટલુ સ્લેબ લેવલ સુધીનું કરવામાં ગે.કા.બાંધકામ દુર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી પૂર્વઝોન(વરાછા)ના દબાણ ખાતાના સ્ટાફ ધ્વારા જે.સી.બી. મશીન વડે પાર પાડવામાં આવેલ છે.

TOP